# મુઓ બીજે ક્યાંય ત્રાટકે એ પહેલાં પકડાય તો સારું

**નવેક વર્ષની વિદ્યાર્થિની મૈથિલી એક સાંજે નિશાળેથી ઘેર પાછી આવતી નથી. એની નાનકડી બહેનપણી કહે છે કે એને એક 'ચાચા' મળ્યા હતા, જે એને ખૂબ ખૂબ ચોકલેટો આપતા. મોટરગાડીની સહેલ ખવડાવવાની ઓફર કરતા... પણ પછી મૈથિલીની લાશ મળે છે..**

## રહસ્ય ચક્ર

★ યશવંત મહેતા

## નરાધમ: 2

ડિટેક્ટિવોને વળાવવાને બહાને પ્રિયકાન્ત ઘરની બહાર નીકળ્યો. બંગલાને ઝાંપે ઊભા રહીને એ લોકો ઘડીક ધીમે અવાજે વાત કરતા રહ્યા. 'શું લાગ્યું સુષમા સાથેની વાત પછી?' એણે પૂછ્યું.

'એક નામ મળ્યું,' અજયે કહ્યું: 'ચૌધરી ચાચા. જો કે એવી કોઇ જીવંત વ્યક્તિ ન પણ હોય. છોકરાંઓ ઘણી વાર એમની કોમિક બૂક્સનાં અને સીરિયલોના પાત્રોને પોતાની આસપાસ ઘૂમતા કલ્પી લે છે.'

'પણ ચોકલેટો? એ તો સાચી લાગે છે. સારી ભલે કલ્પિત હોય.'

'એ જે હોય તે; પણ એણે બિચારી મૈથિલી પર પિશાચી ક્રૂરતા આચરી છે. એવું બન્યું હોય, પ્રિયકાન્તભાઇ, કે ગઇ કાલે સુષમાથી મૈથિલી છૂટી પડ્યા પછી આ માણસ એને મળ્યો હોય... કદાચ કાર લઇને આવ્યો હોય. મોટરગાડીની સહેલને બહાને એને ઉઠાવી હોય. આપણે અહીંથી કમલ કોલોની સુધીનાં સૌ કોઇને પૂછી લઇશું કે આવો કોઇ માણસ તમે જોયો છે? જે મૈથિલી સાથે વાતો કરતો હોય.'

'એટલા બધા માણસોને મળશો?' પ્રિયકાન્તે પૂછ્યું.

'આ તો કાંઇ નથી,' અજયે સમજાવ્યું. 'અમારે આ વિસ્તારના બધા ગાડીવાળા, ટેક્સીવાળા, સૌને પૂછપરછ કરવી પડશે. કદાચ મૈથિલીએ પોતાના 'ઉદાર' ચૌધરી ચાચા વિશે કોઇકને વાત કરી હોય. એની ઓળખાણની કશીક નિશાની પણ મળે. ઘણી પૂછપરછ કરવી પડશે. દરમિયાનમાં તમે પણ સાવધ રહેજો. આ માણસની ઓળખની કશી નિશાની મળે તો મેળવજો. અત્યારે અમે જઇએ. તકલીફ માફ.'

'અરે ભાઇ, આમાં તકલીફ તો અમે તમને આપી છે. અમારી મૈથિલીને કારણે તમારે દોડવું પડ્યું,' પ્રિયકાન્તે લાગણીવશ થતાં કહ્યું.

બંને ગુનાશોધકોને વિદાય કરીને પ્રિયકાન્ત ઘરમાં ગયો. અલકા બારણે જ ઊભી હતી. એણે હોઠો પર ઊભી આંગળી ધરી રાખી હતી. અત્યંત ધીમે અવાજે એ બોલી 'સુષમા હજુ જાગે છે. બોલવામાં ધ્યાન રાખજો.'

'તેં હજુ એને વાત નથી કરી?'

'મને થાય છે કે એને એક રાતની નિરાંતની નિંદર કરવા દઇએ. સવારે સ્કૂલ પહેલાં વાત કરી દઇશ.'

પ્રિયકાન્તે બારણું બંધ કર્યું. પોતાના વાંકડિયા વાળમાં આંગળાં ફેરવ્યાં, જે એની આદત હતી. ખાસ કરીને વિચાર મગ્નતા સમયની.

અલકા એની પાછળ પાછળ બેઠકખંડના સોફા આગળ પહોંચી. 'હવે સુષમા ઘેર પાછી આવી ન જાય ત્યાં સુધી રોજ મને ચિંતા રહેશે,' કહેતાં એ બેઠી. 'રોજ હું બારીએ ઊભી રહીશ. આખે રસ્તે નજર રાખીશ. ક્યારેક એ મોડી પડશે તો કોલોનીના ગેટ તરફ દોડી જઇશ... બાપરે, આવું કરનારો માણસ કેવો કહેવાય! નવ વર્ષની છોકરી સાથે આવું કરનારો આ માણસ...'

પ્રિયકાન્તે મસ્તક ધુણાવ્યું. 'ભયંકર માણસ કહેવાય, અલુ. પણ... પણ આવું બન્યા જ કરે છે ક્યાંક ને ક્યાંક.'

'મારી સુષમા કદી આવા માણસ સાથે ન જાય. મેં એને બરાબર સમજાવ્યું છે અજાણ્યા પુરુષો બાબત.'

'પણ મૈથિલીને મન એ માણસ અજાણ્યો નહોતો, અલુ, પ્રિયકાન્તે કહ્યું. 'સંભવ છે કે એ કોઇ પડોશી જ હોય, જેને એ દીઠે ઓળખતી હોય... અથવા એની સાથે અગાઉ મળવાનું બન્યું હોય. એને મન તો એ માણસ ચાચા જ હતો, જે વારંવાર કાંઇક આપતો હોય. ચોકલેટો ઉપરાંત બીજી વસ્તુઓ પણ આપતો હોય. ટૂંકમાં એણે અજાણપણુ ભૂંસી નાખ્યું હતું.'

'હાય રામ!' અલકાએ નિસાસો નાખ્યો. 'મુઓ બીજે ક્યાંય ત્રાટકે એ પહેલાં પકડાય તો સારું.'

'કાલે સવારે તું મૈથિલીના અવસાન બાબત વાત કરતાં પહેલાં સુષમાને ચૌધરી ચાચા વિશે ફરી વાર પૂછી જોજે. કદાચ એણે એકાદ વાર એને જોયાં હોય. કદાચ એને વિશે કશું યાદ આવે.. પોલીસવાળાઓને કામ લાગે એવી એકાદ કડી મળી જાય. પેલા અજય વર્મા હતા ને, એ તો ખડા ડિટેક્ટીવ છે.'

અલકાએ માથું ધુણાવ્યું. નીરવ ડગલે જઇને સુષમાને બારણે ડોકિયું કરી આવી. પછી દંપતી સૂઇ ગયાં પરંતુ ક્યાંય સુધી મૈથિલી રાવલની દુર્ઘટનાના વિચાર કરતાં રહ્યાં. આમાં પોતે શું કરી શકે એ બંનેનો સર્વોપરી વિચાર હતો.

-------

પ્રિયકાન્ત દલાલ એક ગીચ લત્તામાં સસ્તું કિરાણાઘર નામની કરિયાણાની મોટી મોલ જેવી દુકાનનો મેનેજર હતો. મધ્યમવર્ગીઓને જીવનજરૂરી તમામ ચીજો વાજબી ભાવે મળી રહે એ માટે એક સહકારી મંડળીએ આ દુકાન શરૂ કરી હતી. પ્રિયકાન્ત અઢારેક વર્ષોથી એનો કર્મચારી હતો. ધગશ, પ્રામાણિકતા અને દક્ષતાથી મેનેજરને પદે પહોંચ્યો હતો. ધંધામાં ઊભા થતા પ્રશ્નો સલુકાઇથી અને સાલસતાથી ઉકેલવામાં માનતો. જો કે આવશ્યકતા પ્રમાણે કડક પણ બની શકતો. ગુસ્સે થતો ત્યારે લોકો માની જ ન શકતા કે આ જ પેલો સાલસ પ્રિયકાન્ત છે.

એ હંમેશા કિરાણાઘર પર સમય અગાઉ પહોંચી જતો. પરંતુ ગુનાશોધકોની મુલાકાત પછીને દિવસે મોડો પડ્યો. મૈથિલીની દુર્ઘટનાની વાત અલકા સુષમાને જણાવી દે ત્યાં સુધી એ ઘેર થોભ્યો હતો. મા-દીકરીની વાતચીત એણે છુપાઇને સાંભળી હતી. એ પછી તદ્દન મૂરખની જેમ એ સુષમાની પાછળ પાછળ સ્કૂલના ઝાંપા સુધી ગયો હતો. એ દરેક બાળકને એક નવા પ્રકાશમાં જોઇ રહ્યો હતો. દરેક બાળકને કોઇક 'ચાચા ચૌધરી'ના સંભવિત શિકાર તરીકે નિહાળતો હતો. પરંતુ બાળકો પર એવી કશી જ અસર નહોતી. સુષમાની જેમ જ કદાચ દરેક બાળકને આજે સવારે મા-બાપોએ અજાણ્યાઓથી દૂર રહેવાની શિખામણ આપી હશે; પરંતુ એ નિર્દોષ નીડર આત્માઓએ તો વાતને એક કાને સાંભળીને બીજે કાનેથી કાઢી નાખી જણાતી હતી.

સસ્તું કિરાણાઘરમાં પ્રિયકાન્તની ઓફિસ એવી જગાએ આવેલી હતી જેમાંથી એ દુકાનના દરેક વિભાગની પ્રવૃત્તિઓ અને આવન-જાવન જોઇ શકતો હતો. જો કે એ આવી રીતે ધ્યાન રાખવામાં ન માનતો. એ તો વિવિધ વિભાગોમાં સતત ફરતો રહેતો. મદદની જરૂર જણાય ત્યાં મદદ કરતો. ઠપકાની જરૂર હોય ત્યાં ઠપકો પણ આપતો. પરંતુ આજની વાત જુદી હતી. આજે એ પોતાની ઓફિસની ફરતી ખુરશીમાં બેસી રહ્યો અને પહેલી જ વાર આવી ખુરશીમાં બેસનાર બાળકની જેમ ખુરશી સતત ધુમાવતો રહ્યો. મૈથિલીની દુર્દશાના જ વિચાર એ કરતો હતો અને મૈથિલીનો વિચાર કરતાં સતત અનિચ્છાએ એના મનમાં વિચાર ઝબકી જતો: મૈથિલીની જગાએ સુષમા હોત તો? અને પછી એના દિમાગમાં એ પ્રશ્નના પડઘા પડતા. સુષમા હોત તો?... સુષમા હોત તો?...

છાપાંઓમાં આ વિશે જે કાંઇ છપાયું હતું તે બધું પ્રિયકાન્તે વાંચી નાખ્યું હતું. જો કે છાપાંઓમાં હકીકતો ખૂબ ઓછી છપાઇ હતી. છોકરી ગુમ થઇ છે એવો પત્ર




એની માએ પોલીસમાં આપ્યો એ પછી બાર કલાકે છોકરીની લાશ મળી હતી. પોસ્ટમોર્ટમ રીપોર્ટ હતો કે મળી આવી એના દસેક કલાક અગાઉ ગળું દબાવવાથી મોત નિપજ્યું હતું. પોલીસે એવું પણ નિવેદન આપ્યું હતું કે મૈથિલીએ મરતાં અગાઉ હુમલાખોરનો ઝનૂની સામનો કર્યો હતો... એક પ્રૌઢના આક્રમણનો મરણિયો સામનો કરતી નવ વર્ષની છોકરીનું ચિત્ર પ્રયકાન્તને અત્યન્ત અપ્રિય લાગ્યું.

કોણ હતો એ ચૌધરી ચાચા? પ્રિયકાન્તે બાળકોના કેટલાંક સામયિકોમાં ચાચા ચૌધરીનું પાત્ર જોયું હતું. મોટી મૂછો અને ઊંચી પાઘડીવાળા એ ચાચા ખૂબ પ્રિયકર દેખાતા. પણ આ ચૌધરી ચાચા હવે ક્યાં ત્રાટકશે? ઈન્સ્પેક્ટર દિનકર દેસાઇએ શું કહ્યું હતું? ચૌધરી ચાચા કોઇ પણ સામાન્ય માણસ જેવો દેખાઇ શકે. એ કોઇ પણ ઉંમરનો, કોઇપણ પ્રકારનો, કોઇ પણ વિસ્તારનો હોઇ શકે. અરે, એ અત્યારે આ જ કિરાણાઘરમાં હીંગ-મરચું ખરીદતો ગ્રાહક હોઇ શકે! એ ખરું કે એ રોજ સાંજે સ્કૂલની આજુબાજુ આંટા મારવા નવરો હતો. એની પાસે મોટરકાર હતી. બાળકને ચોકલેટના ઘણા બધા પાસા અપાવવાની ગુંજાયશ હતી. અને બાળક એને 'ચાચા' કહે એવી એની વય હતી.

**પ્રિયકાન્તે એને પોતાના કાઉન્ટર પર પાછી મોકલી દીધી. બદમાશે આ જ કાઉન્ટર પરથી ચોકલેટો ખરીદી હોય એવું ન પણ હોય. શહેરમાં હજારો દુકાનો છે. એ ચતુર પણ હોય. જે વિસ્તારમાં ગુનો કરવો છે ત્યાં ખરીદી ન પણ કરે**

એક વસ્તુ એ પણ નક્કી: આ વિસ્તારમાં એ ઘણા દિવસોથી આંટાફેરા કરતો હતો.

પ્રિયકાન્તે કિરાણાઘરના વાણોતરને મોકલીને પિપરમિન્ટ-ચોકલેટવાળું કાઉન્ટર સંભાળતી. ઈલા બાવીશીને બોલાવી. ઈલા એકવીસની ઉંમરની શોલ્ડર-કટ વાળવાળી ખૂબ જ હસમુખી અને ગોળમટોળ છોકરી હતી. પ્રિયકાન્તે સમજીને જ એને મુખ્યત્વે જ્યાં બાળકો આવે એવા કાઉન્ટર પર મૂકી હતી. એને આવી રીતે મેનેજરે કદી બોલાવી નહોતી. કદીક સૂચના આપવાની હોય તો પ્રિયકાન્તભાઇ કાઉન્ટર પર આવીને આપી જતા. આજે? એનાં ભવાં ચડેલા હતા.

'ચોકલેટોનું કેમ છે, ઈલા?' પ્રિયકાન્તે એને પૂછ્યું.

ઈલાને નવાઇ લાગી. આવું પૂછવા સાહેબે મને એમની ઓફિસમાં બોલાવી! આજકાલના જમાનામાં ચોકલેટનું વેચાણ સારું જ હોય. એમાં વળી પૂછવાનું શું?

'ચોકલેટોનું વેચાણ ધમધોકાર ચાલે છે, દલાલ સાહેબ.'

'એ ખરીદવા કોણ આવે?'

'નિશાળિયાં- નાનાં ને મોટાં.'

'કોઇ મોટી ઉંમરનાય આવે ખરાં?'

ઈલા હસી પડી. 'મોટેરાંય ખરીદે; પણ એ પોતાને માટે નહીં. સંતાનો કે ભાડરુ માટે મોટી ઉંમરનોય જરૂર ખરીદી જાય. પણ ચોકલેટો હંમેશાંનાનાં બાળકો માટે ખરીદાય છે. અમેરિકાની જેમ અહીં મોટેરાંઓ ચોકલેટ ખાતાં નથી.'

'ક્યારેક જથ્થાબંધ ચોકલેટો ખરીદવાય કોઇ આવે ને?'

'જરૂર. કોઇકના જન્મ દિવસ માટે કે કોઇને નિશાળે બેસાડવાનો પ્રસંગ હોય તો.'

'તે આજકાલમાં કોઇને આવી જથ્થાબંધ ચોકલેટો વેચી હોવાનું યાદ છે?'

ઈલાના ભવાં ફરી વાર ચડી ગયાં. ઘડીવાર એ યાદ કરતી રહી. પછી એણે મસ્તક ધુણાવ્યું. 'કોઇને ઘણી ચોકલેટ વેચ્યાનું યાદ નથી આવતું.'

'એવું બની શકે કે કોઇ માણસે મિલ્ક ચોકલેટના ઘણા બધા પત્તા એક સાથે ખરીદ્યા હોય?'

'તમે કોઇ ખાસ માણસ વિશે પૂછવા માગો છો, દલાલ સાહેબ? એ કેવો માણસ છે?'

પ્રિયકાન્તે નિશાસો નાખ્યો. ટેવ મુજબ વાંકડિયા વાળમાં આંગળાં ફેરવ્યા. 'તકલીફ એ જ છે, ઈલા. એ કેવો માણસ છે એની મને જરાય ખબર નથી.'

ઈલાનાં ભવાં હજુ ચડેલાં જ રહ્યાં. 'કોઇને કશો માલ વેચવામાં ભૂલ થઇ છે, દલાલસાહેબ.' અમારો કોઇ વાંકગુનો?' 'અરે, ના, રે!' પોતાની ગંભીર પૂછપરછને કારણે છોકરી મૂંઝાઇ રહી છે અને પોતે કશાક વાંકમાં હોય એવો ડર રાખી રહી છે. એ ખ્યાલ આવતાંજ પ્રિયકાન્ત હસી પડ્યો. પુનઃ મૂળતો સાલસ અને વત્સલ પ્રિયકાન્ત બની ગયો. 'કોઇના વાંકગુનાની વાત નથી. ઈલા ચિંતા કરીશ નહીં. પણ એ માણસ અગત્યનો છે. તે કોઇ પ્રૌઢ પુરુષને ડઝન ઉપરાંત પાસા મિલ્ક ચોકલેટના વેચ્યા હોય તો યાદ કરજે અને મને કહેજે. આ માણસ એકલો જ ખરીદી કરવા આવ્યો હશે. બાળકની સાથે નહીં.'

'ભલે દલાલ સાહેબ'. ઈલાએ ખભા ઉલાવ્યા. 'બાકી અત્યારે તો એવો કોઇ માણસ યાદ આવતો નથી.'

પ્રિયકાન્તે એને પોતાના કાઉન્ટર પર પાછી મોકલી દીધી. બદમાશે આ જ કાઉન્ટર પરથી ચોકલેટો ખરીદી હોય એવું ન પણ હોય. શહેરમાં હજારો દુકાનો છે. એ ચતુર પણ હોય. જે વિસ્તારમાં ગુનો કરવો છે ત્યાં ખરીદી ન પણ કરે. પ્રિયકાન્ત આવા વિચારો કરતો કિરાણાઘરમાં આવતાં જતાં લોકોને નિહાળી રહ્યો હતો ત્યાંજ બપોરના સમયે અજય વર્મા એને મળવા આવી ચડ્યો.

*(વાચક મિત્રો! અમારી સલાહ છે કે તમારી આજુબાજુની યુવા માતાઓને આ વાર્તા જરૂર વંચાવજો. હજુ ખૂબ રસપ્રદ વાત આગળ આવે છે. વાંચતા રહો.)*